રાજ્યમાં કોરોનાનો કાળો કહેર

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૧૧૦ કેસ : ૨૧ના મૃત્યુ, મૃત્યુઆંક ૨૩૨૬ : રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૫૫ હજારનો પાર થયો : એક્ટીવ કેસનો આંક ૧૩ હજાર પાર

ગાંધીનગર, તા.૨૬

રાજ્યમાં આજે કોરોના પોઝિટિવ કેસનો આંકડો પ્રથમવાર ૧૧૦૦ને પાર ગયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૧૭૦૮ ટેસ્ટ કરવામાં આવતા કુલ ૧૧૧૦ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૫૫ હજારને પાર થઈ ૫૫૮૨૨ થયો છે. આજે વધુ ૨૧ દર્દીઓના મોત થતા કોરોનાને લીધે કુલ મૃત્યુઆંક ૨૩૨૬ થયો છે. રાજ્યમાં આજે ૭૫૩ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. આ સાથે કુલ સાજા થવાનો આંકડો ૪૦ હજારને વટાવી ૪૦૩૬૫ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ એક્ટીવ કેસનો આંકડો વધી ૧૩ હજારને પાર થઈ ૧૩૧૩૧ થયો છે. જેમાં ૮૫ દર્દી વેન્ટીલેટર પર અને ૧૩૦૪૬ દર્દી સ્ટેબલ છે. રાજ્યમાં પાંચ દિવસ કોરોના પોઝિટિવનો આંકડો હજારને પાર થયો આજે સપ્તાહના અંતિમ દિવસે આંકડો ૧૧૦૦ને વટાવી ગયો. આરોગ્ય વિભાગની યાદી મુજબ આજે ૨૧ દર્દીઓ કોરોનાને લીધે મૃત્યુ પામ્યા છે.

સુરત કોર્પોરેશનમાં ૭ અને સુરતમાં ૫, અમદાવાદ કોર્પોરેશનમાં ૩, વડોદરા કોર્પોરેશનમાં ૧ અને જિલ્લામાં ૧, ગાંધીનગર, જામનગર કોર્પોરેશન, મોરબી અને રાજકોટમાં ૧-૧ મૃત્યુ પામ્યા છે. અમદાવાદ શહેરમાં ૧૫૨ અને ગ્રામ્યમાં ૧૧ સાથે કુલ ૧૬૩ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા હતા. આ સાથે શહેરમાં કોરોના સંક્રમિતની કુલ સંખ્યા ૨૫૪૯૩ થઈ છે. આજે વધુ ૩ મોત સાથે મૃત્યુઆંક ૧૫૭૧ થયો છે. સુરત શહેરમાં ૨૦૧ અને ગ્રામ્યમાં ૯૮ સાથે કુલ ૨૯૯ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે સુરત શ ેરમાં કુલ કોરોના સંક્રમિતની સંખ્યા ૧૧૪૦૪ થયા છે. આજે વધુ ૧૧ મોત સુરતમાં નોંધાતા કુલ ૩૪૭ મોત કોરોનાને લીધે થાય છે. વડોદરા શહેર ૭૯ અને ગ્રામ્યમાં ૧૩ સાથે કોરોનાના ૯૨ કેસ નોંધાયા છે. આ સાથે કોરોના કુલ સંક્રમિત આંકડો ૪૧૦૦ને પાર થયો છે. આજે વધુ ૨ મોત વડોદરામાં નોધાતા કુલ મૃત્યુઆંક ૯૩ થયો છે. ગાંધીનગર ગ્રામ્યમાં ૧૩ અને કોર્પોરેશનમાં ૬ સાથે કુલ ૧૯ કેસ નોંધાયા છે. આ સાથે ૧૨૫૫ કુલ સંક્રમિતનો આંક થયો છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૫૬૯૨	૧૫૭૬	૨૦૪૯૧
સુરત	૧૧૬૭૨	૩૬૪	૭૮૬૮
વડોદરા	૪૧૮૦	૬૯	૩૩૪૯
રાજકોટ	૧૪૦૬	૨૩	૬૮૪
ભાવનગર	૧૧૮૧	૨૧	૭૭૪
ગાંધીનગર	૧૪૨૨	૭૫	૯૩૩
કચ્છ	૪૫૯	૧૬	૨૩૯
મહેસાણા	૭૩૫	૧૬	૨૮૮
ગીર-સોમનાથ	૩૦૭	૦૫	૧૧૪
પોરબંદર	૪૧	૦૨	૩૦
પંચમહાલ	૩૯૮	૧૬	૨૫૮
પાટણ	૪૯૯	૨૩	૩૦૯
છોટાઉદેપુર	૧૩૮	૦૨	૮૨
જામનગર	૫૮૧	૧૩	૩૧૦
મોરબી	૧૯૦	૦૬	૧૩૩
સાબરકાંઠા	૩૭૩	૦૮	૨૪૫
આણંદ	૪૧૭	૧૩	૩૫૬
દાહોદ	૪૨૫	૦૫	૧૦૫
ભરૂચ	૭૫૫	૧૧	૪૭૬
બનાસકાંઠા	૬૧૩	૧૬	૪૪૯
ખેડા	૫૧૮	૧૪	૩૯૯
બોટાદ	૧૯૭	૦૫	૧૩૬
નર્મદા	૨૫૮	૦૦	૧૪૯
અરવલ્લી	૨૯૪	૨૪	૨૪૪
મહીસાગર	૨૬૯	૦૨	૧૭૪
નવસારી	૪૬૬	૦૬	૩૦૧
તાપી	૧૨૭	૦૧	૭૬
વલસાડ	૫૪૦	૦૫	૩૩૮
જૂનાગઢ	૭૪૨	૧૦	૫૧૭
સુરેન્દ્રનગર	૬૧૩	૦૮	૨૪૭
દેવભૂમિ દ્વારકા	૪૩	૦૩	૨૬
ડાંગ	૧૫	૦૦	૦૯
અમરેલી	૩૩૩	૦૯	૧૭૫
કુલ	૫૫૮૨૨	૨૩૨૬	૪૦૩૬૫

ઉદેપુર નજીક હોટલમાંથી ૬૯ ગુજરાતી શકુનિઓ જુગાર રમતા ઝડપાયા

૨૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત, ૩૦થી વધુ જુગારીઓ પોલીસને થાપ આપી ભાગી છૂટ્યા

ગુજરાતમાં શ્રાવણ મહિનામાં ઠેર ઠેર શ્રાવણીઓ જુગાર રમાડવામાં આવે છે હાલ ગુજરાતમાં માલેતુજાર શકુનિઓ વીકએન્ડમાં રાજસ્થાન અને ગોવા જુગાર રમવા ઉપડી જતા હોય છે અત્યાર સુધી અનેક ગુજરાતી શકુનિઓ અન્ય રાજ્યોમાં જુગાર રમતા ઝડપાઈ ચુક્યા છે

ત્યારે રાજસ્થાનના ઉદેપુરમાં દેબરી રેલવે સ્ટેશન નજીક આવેલી ઉદયબાગ હોટલમાં હાઈપ્રોફાઈલ જુગાર રમાતો હોવાની બાતમી મળતા સ્થાનિક પોલીસે રેડ કરી હતી આ હોટલમાં ૧૦૦ થી વધુ જુગારીઓ હારજીતની બાજી લગાવી બેઠા હતા અને પોલીસ ત્રાટકતા ૬૯ ગુજરાતી શકુનિઓને ઝડપી પાડ્યા હતા ૩૦ થી વધુ જુગારીઓ પોલીસને થાપ આપી ભાગી છૂટ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી રાજસ્થાન પોલીસે ૨૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર,શનિવારે ગુજરાત માંથી ૧૦૦ થી વધુ જુગારીઓ ઉદેપુરની ઉદયબાગ હોટલમાં જુગાર રમવા પહોંચ્યા હતા ત્યારે શનિવારે રાત્રે ઉદય બાગ હોટલ પર સ્થાનિક પોલીસ ત્રાટકી હોટલમાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામનો પર્દાફાશ કર્યો હતો. જુગાર રમતા ૬૯ જુગારીઓ ઝડપી લઈ ડબોક પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. સુત્રોના જણાવ્યા પ્રમાણે ઉચ્ચ અધિકારીઓના નિર્દેશ ઉપર ચારથી પાંચ પોલીસ સ્ટેશનના અધિકારીઓ સહિત પોલીસની મોટી ટીમ કાર્યવાહીમાં જોડાઈ છે મોડી રાત્રે થયેલી આ કાર્યવાહી બાદ હોટલમાં હડકંપ મચી ગયો હતો. જુગારીઓમાં પોલીસ પકડ થી બચવા ભારે દોડધામ મચી હતી ૧૦૦ થી વધુ લોકો જુગાર રમતા હતા જોકે, કેટલાક લોકો ઘટના સ્થળેથી ભાગવા માટે સફળ થયા હતા.૬૯ શકુનિઓને પોલીસે ૨૫ લાખથી વધારેનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

બનાસકાંઠામાં ૨૬ દર્દીઓનો રિપોર્ટ કોરોના પોઝિટિવ

પાલનપુર ૪, ડીસા ૭, લાખણી ૩, કાંકરેજ ૭, ધાનેરા ૧, વાવ ૩, દિયોદર ૧

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં રવિવારે કોરોના પોઝિટિવ નવા ૨૬ કેસ નોંધાયા હતા. પાલનપુર ૪, ડીસા ૭, લાખણી ૩, કાંકરેજ ૭, ધાનેરા ૧, વાવ ૩, દિયોદર ૧ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૭૦૭ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૪૦ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારમાં ચેપ પ્રસરતા એક પછી એક લોકો કોરોનાની ઝપટે ચડી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે રવિવારે કોરોના પોઝિટિવ નવા ૨૨ કેસ નોંધાયા હતા. પાલનપુર ૪, ડીસા ૭, લાખણી ૩, કાંકરેજ ૭, ધાનેરા ૧, વાવ ૩, દિયોદર ૧ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યાએ સાતમી સદી નોંધાવી છે. પોઝિટિવ કેસની સંખ્યા ૭૦૭ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૪૦ થવા પામ્યો છે. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, પોઝિટિવ આવેલા દર્દીઓને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરી હોમ કોરેન્ટાઇન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જીલ્લા મથક પાલનપુરમાં રવિવારે પણ કોરોના પોઝિટિવ કેસ નોંધાયો ન હતો.

ઓમકારેશ્વર મહાદેવના પ્રાંગણમાં આયુર્વેદિક વૃક્ષારોપણ

શહેરમાં પ્રકૃતિપ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણની પ્રકૃતિ પુરજોશમાં ચાલુ છે. 'ગાંધીનગર ચમકાવુ છે' ગૃપના સભ્યો દ્વારા સેક્ટર-૪ના ઓમકારેશ્વર મંદિર સામેના ભાગમાં વિવિધ પ્રકારના આયુર્વેદિક વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું જેમાં નગોડ, સતાવરી, અરડૂસી, કેસૂડો, કાંચનાર વગેરેનો સમાવેશ થાય છે. આ કાર્યમાં જીસીસીના પ્રશાંતભાઈ, હિતેશભાઈ, જીજ્ઞેશભાઈ વગેરે સામેલ થયાં હતા.

મોડાસા લાયન્સ ક્લબની શપથવિધિ કાર્યક્રમ ઓનલાઈન વેબિનારથી લાયન્સ મંદિર ખાતે યોજાયો

મોડાસા, તા. ૨૬

મોડાસા શહેર સહીત અરવલ્લીમાં સેવાકીય કાર્યો માટે હંમેશા અગ્રેસર રહેતી અને સમગ્ર ડિસ્ટ્રિક્ટમાં

સેવાકીય કાર્યોમાં અવ્વલ રહેતી મોડાસા લાયન્સ ક્લબના વર્ષ-૨૦૨૦-૨૧ ટીમનો શપથવિધિ કાર્યક્રમ ઓનલાઈન વેબિનારથી યોજાયો હતો. પાસ્ટ ડીસ્ટ્રીક ગવર્નર ડૉ. યોગેશ દવે દ્વારા કોરોનાની મહામારીમાં સંક્રમણ ફેલાય નહિ તેવા ઉમદા હેતુથી વર્ચ્યુલ ઓનલાઈન શપથવિધિ કરાવવામાં આવી હતી, જેમાં વર્ષ-૨૦૨૦ના નવનિયુક્ત પ્રમુખ ઈંદ્રવદન બ્રહ્મભટ્ટને પૂર્વ પ્રમુખ નવીન રામાણીએ ગોલ્ડન પીન અર્પણ કરી હતી.

મંત્રી તરીકે જનક જોશી અને ખજાનચી તરીકે જય અમીને ઓનલાઈન શપથ ગ્રહણ કર્યા હતા. લાયન્સ ક્લબ મોડાસાની ટીમને પૂર્વ પ્રમુખ અને લાયન્સ કમલેશ પટેલ, લાયન ડૉ .જીતેન્દ્ર પટેલ, લાયન્સ સોસાયટીના ડૉ. ટી.બી. પટેલ અને તેમની ટીમે, રીજીયન સેક્રેટરી પરેશ શાહ, એન્વાયરોમેન્ટ ડીસી પ્રવીણ પરમાર, ઓનલાઈન ચેરમેન અતુલ જોશીએ, ભાવેશ જયશ્વાલ, વિનોદ પટેલ, કનુ પટેલ, સુરેશ પટેલ સહીત લાયન્સ ક્લબના સદસ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

લાયન્સ ક્લબ શપથવિધિ ઈતિહાસમાં પહેલીવાર ઓનલાઈન યોજાઈ હતી જેમાં પ્રમુખ તરીકે શપથ ગ્રહણ કરનાર નવ નિયુક્ત લાયન્સ ક્લબ મોડાસાના પ્રમુખ ઈન્દ્રવદન ભટ્ટે લોક ઉપયોગી પરમેનન્ટ પ્રોજેક્ટ અને ડીસ્ટ્રીકટ ઈન્ટરનેશનલના અપાયેલ સેવાકીય કર્યો પૂર્ણ કરવા તેમની ટીમ સાથે કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

પેટર્નમાં પણ બદલાવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવેતર પણ કદાચ તેની સરેરાશ જાળવી રાખશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં આ વખતે મગફળી તેમજ તેલીબિયાના પાકોનું વાવેતર જોવા મળ્યુ છે. આ ઉપરાંત કઠોળ પાકોના વાવેતરમાં પણ ખેડૂતોએ બહુ રસ દાખવ્યો નથી. શાકભાજીના પાકો તેમજ દિવેલા અને ગુવારના પાકોનું વાવેતર વધશે તેમ મનાઈ રહ્યુ છે. શાકભાજીમાં પણ ફેર રોપણીના શાકભાજીનું વાવેતર વધુ જોવા મળે તેમ પણ બની શકે છે. આમ પરંપરાગત ખેતીને બદલે ધીમી ગતિએ રોકડિયા પાકોની ખેતી તરફ ખેડૂત આગળ વધી રહ્યો છે. જિલ્લાનો ખેડૂત આમેય પ્રયોગશીલ ખેડૂત તરીકે ઓળખાય છે.

મળતી વિગતો પ્રમાણે કૃષિ સાથે સંલગ્ન પશુપાલન પણ જે રીતે વિકસી રહ્યુ છે તેને પગલે ખેડૂતો દ્વારા ઘાસચારાનું વાવેતર પણ સારૂ એવુ કરી રહ્યા છે જેથી પૂળા અને અન્યની અછત જણાય નહિ.

જિલ્લામાં આ વખતે કપાસનું વાવેતર ૧૭,૫૫૨ હેક્ટરમાં જ થયુ છે જે જિલ્લાની સરેરાશ ૨૩ હજાર હેક્ટરથી વધુ હતી તેમાં ૬ હજાર હેક્ટર જેટલો નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

મગફળીના પાકનું ૧૨,૭૮૧ હેક્ટરમાં, તલનું ૭૩ હેક્ટરમાં, સોયાબીનનું ૪૩ હેક્ટરમાં અને અન્ય તેલીબીયાનું ૧૩ હેક્ટરમાં વાવેતર થયુ છે. જિલ્લામાં ડાંગરનું વાવેતર અત્યાર સુધીમાં ૬૮૬૬ હેક્ટરમાં થયુ છે. જે સામાન્યઃ ૧૧ હજાર હેક્ટર સુધી નોંધાતુ રહ્યુ છે. આમાં પણ થોડોક ઘટાડો જોવા મળે તેવા સંકેતો મળી રહ્યા છે.

બાજરીના પાકનું ૧૯૮૯ હેક્ટરમાં વાવેતર થયુ છે, જુવારનું ૫૬ હેક્ટરમાં, મગનું ૬૯૪ હેક્ટરમાં, મઠનું વાવેતર ૮૦ હેક્ટરમાં, અડદનું વાવેતર ૪૪ હેક્ટરમાં થયુ છે.

શાકભાજીના પાકોનું વાવેતર ૯૩૩૧ હેક્ટરમાં થયુ છે. ઘાસચારાનું વાવેતર પણ ૨૫,૬૮૧ હેક્ટરમાં, દિવેલાનું વાવેતર ૧૩૮૫ હેક્ટરમાં, ગુવારનું વાવેતર ૨૩૨૩ હેક્ટરમાં નોંધાયુ છે. અન્ય પાકોનું વાવેતર ૨૭૬૨ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં ગત વર્ષ કરતાં આ વખતે સમયસર ચોમાસાના આગમન સાથે વરસાદ પણ વધુ નોંધાયો હોવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોરોનાની ઝપટમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાવેશ થાય છે. આ ઉપરાંત ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તેમણે તંત્રને લેખિત બાંહેધરી પણ આપી છે જે તંત્રએ મંજૂર રાખેલ છે. મળતી વિગતો પ્રમાણે આ પરિવારના એક વયસ્ક પુરૂષનો રિપોર્ટ પણ બે-ત્રણ દિવસ પહેલાં પોઝીટીવ આવ્યો હતો. જો કે તે અન્ય સેક્ટરમાં રહેતા હોવાનું જાણવા મળેલ છે.

પશુપાલન વિભાગમાં સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા અને સે. ૪ માં રહેતા ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સેક્ટર-૨ માંથી એક ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ ગૃહીણીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણી કેવી રીતે સંક્રમિત થઈ તે અંગેની વિગતોની જાણકારી તંત્ર દ્વારા મેળવવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

સે. ૨૭ માંથી એક ૮૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ગૃહીણીના પરિવારના ૬ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આ ગૃહીણી કેવી રીતે સંક્રમિત થયા છે તેની વિગતો તંત્ર દ્વારા મેળવવામાં આવી રહેલ છે.

સે. ૩-એ ન્યુ માંથી શાકભાજીનો વેપાર કરતા ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આ વેપારીને સારવાર માટે અમદાવાદની સંજીવની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

સે. ૨૫ જીઆઈડીસીમાં બિઝનેશ ડેવલપમેન્ટ ઓફિસર તરીકે કામ કરતા એક ૪૨ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ સઘન સર્વેલન્સ અને એન્ટીજન ટેસ્ટ શરૂ કર્યા છે. જોકે એન્ટીજન ટેસ્ટમાં બહુ ઓછા લોકોમાં કોરોના હોવાનું જાણવા મળ્યુ છે તેમ તંત્રના સૂત્રોનું કહેવુ છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાની નીતિ અખત્યાર કરી છે. શહેરમાં હાલ ૧૨૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન હોવાનું જાણવા મળેલ છે.

શહેરના વિવિધ વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે સાથે સાથે શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન હોવાની શંકા તંત્રમાં દૃઢ થતી જતી હોવાનું જાણવા મળેલ છે. જો કે રિકવરી રેટ સારો છે જેને તંત્ર સારી નિશાની ગણાવી રહેલ છે.

કોરોના વિસ્ફોટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૮,૮૫,૫૭૭ લોકો સાજા થઈ ગયા છે અને ૪,૬૭,૮૮૨ સક્રિય કેસ છે. જે રીતે કેસો વધી રહ્યાં છે તે જોતાં ગણતરીના કલાકોમાં કેસો વધીને ૧૪ લાખનની ઉપર પહોંચી જાય તેમ છે.

એક માહિતી પ્રમાણે, કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે ભારત વિશ્વનો ત્રીજો સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે. અમેરિકા, બ્રાઝિલ બાદ કોરોના મહામારીથી સૌથી વધારે ભારત પ્રભાવિત છે. જો ૧૦ લાખ વસતી પર સંક્રમિત મામલા અને મૃત્યુદરની વાત કરવામાં આવે તો અન્ય દેશોની તુલનામાં ભારતની સ્થિતિ ઘણી સારી છે. ભારત કરતાં વધારે મામલા અમેરિકા અને બ્રાઝીલમાં છે.

દેશમાં મહારાષ્ટ્ર સૌથી વધારે પ્રભાવિત રાજ્ય છે. મહારાષ્ટ્રમાં કુલ ૩,૬૬,૩૬૮ કેસ નોંધાયા છે. ત્યારબાદ તમિલનાડુમાં ૨,૦૬,૭૩૭, દિલ્હીમાં ૧,૨૯,૫૩૧, કર્ણાટકમાં ૯૦,૯૪૨ આંધ્રપ્રદેશમાં ૮૮,૬૭૧, ઉત્તરપ્રદેશમાં ૬૩,૭૪૨, ગુજરાતમાં ૫૪,૬૨૬, તેલંગાણામાં ૫૨,૪૬૬, પશ્ચિમ બંગાળમાં ૫૬,૩૭૭, રાજસ્થાનમાં ૩૫,૨૯૮ કેસ નોંધાયા છે.

ગઈકાલે શનિવારે સૌથી વધુ જ્યારે ૩૬ હજાર ૩૨૭ને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે. આ એક દિવસમાં સાજા થનારા દર્દીઓની આ સૌથી મોટી સંખ્યા છે. આ પહેલા ૨૩ જુલાઈએ ૩૩ હજાર ૩૨૬ લોકો સાજા થયા હતા. અત્યાર સુધી દેશમાં કુલ ૮ લાખ ૮૬ હજારથી વધુ દર્દી સાજા થયા છે. છેલ્લા એક સપ્તાહમાં ૩ લાખ ૭ હજાર ૬૨૨ નવા કેસ આવ્યા, પરંતુ આ દરમિયાન ૨ લાખ ૮ હજાર ૬૬૫ દર્દી સાજા પણ થઈ ગયા છે.

ખતરો ટળ્યો નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરાહના કરતા એમ પણ કહ્યું કે જાગૃત લોકોના, પ્રયાસથી દેશમાં કોરોનાનો રિકવરી રેટ અન્ય દેશોથી સારો રહ્યો છે. દેશમાં કોરોનાનો મૃત્યુ દર પણ ઘણો ઓછો છે. તેમણે દર મહિનાના છેલ્લાં રવિવારે દેશવાસીઓ સમક્ષ રજૂ થતાં મન કી બાત કાર્યક્રમને આગળ ધપાવતાં આજે ૬૭મી વખત રેડિયોના માધ્યમથી સંબોધન કર્યું ત્યારે આજે ઉજવાઈ રહેલા કારગીલ વિજય દિવસને યાદ કરીને શહિદ જવાનોને ભાવભીની શ્રધ્ધાજંલિ પણ આપી હતી.

તેમણે કારગિલ યુદ્ધના ૨૧ વર્ષ પુરા થવા અંગે આ યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોને યાદ કર્યા અને શ્રદ્ધાંજલિ પાઠવી હતી આ દરમિયાન વડાપ્રધાને કહ્યું કે, આજે કારગિલ વિજય દિવસ છે. પાકિસ્તાને ભારત સાથે દગો કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ જીત ભારતના સૈનિકોના જુસ્સાની થઈ હતી. વડાપ્રધાને કહ્યું કે,એ દિવસ સૌથી અનમોલ ક્ષણોમાંથી એક છે. સોશિયલ મીડિયા પર પણ લોકો પોતાના વીરોને નમન કરી રહ્યા છે. હું તમામ દેશવાસીઓ તરફથી એ વીર માતાઓને નમન કરું છું, જેમણે આવા વીરનો જન્મ આપ્યો છે.

વડાપ્રધાને એમ પણ કહ્યું કે, દેશમાં રિકવરી રે'ટ અન્ય દેશો કરતાં સારો છે અને કોરોનાનો મૃત્યુદર પણ અન્ય દેશ કરતાં સારો રહ્યો છે. દેશે એકસાથે મળીને લડત આપી છે. પણ તેનો ખતરો ટળ્યો નથી. અનેક જગ્યાઓએ તે ઝડપથી ફેલાઈ રહ્યો છે. કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે અને હજુ પણ ઘાતક છે. સાવધાની રાખવી. દો ગજ કી દૂરી, સતત હાથ ધોવા, થૂંકવું નહીં, સાફ સફાઈ રાખવી, માસ્ક પરહેવું વગેરે કોરોનાથી બચાવે છે. માસ્ક ઉતારવાનું મન થાય તો આવું ન કરો. કોરોના વોરિયર્સ અને આપણી વચ્ચે ન રહેલા લોકોને યાદ કરો. તેઓ કઈ રીતે જીવે છે.તે તમારી સાવધાની માટે છે. અસુવિધા ન રાખો અને ન કોઈને રાખવા દો. અભ્યાસ, નોકરી વગેરેમાં ગતિ લાવો અને તેને પણ નવી ઉંચાઈએ લઈ જાઓ. દેશમાં નવી ગતિ અને દિશા આવી છે. આપ સૌને માસ્ક પહેરવામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલીનો અનુભવ થઈ રહ્યો હોય તો આપણે તે ડૉક્ટર, તે નર્સોને યાદ કરવા જોઈએ જે માસ્ક પહેરીને કલાકો સુધી સતત આપણા સૌના જીવનને બચાવવામાં પ્રયત્નશીલ રહે છે. થોડા દિવસો પછી રક્ષાબંધન આવી રહી છે. ઘણી સંસ્થાઓ આ વખત અલગ રીતે ઉજવણી કરવાના અભિયાન ચલાવી રહી છે. લોકલથી વોકલની વાત પણ કરવામાં આવી રહી છે. આવું કરવું જ યોગ્ય રહેશે. નેશનલ હેન્ડીક્રાફ્ટ દિવસ પણ આવી રહ્યો છે.

૧૭ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ ઉપરાંત એક ૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીના પતિ અગાઉ સંક્રમિત થયા હોવાનું જાણવા મળેલ છે. કલોલમાં આજે અર્બન વિસ્તારમાંથી ૪ તથા ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે. ૪ અર્બન વિસ્તારમાં બે કેસ અર્બન-૧ ના વિસ્તારમાંથી અને ૨ કેસ અર્બન-૨ વિસ્તારમાંથી મળી આવ્યા છે. આ ઉપરાંત કલોલ તાલુકાના પાનસર ગામેથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા અર્બન વિસ્તારમાં આજે એક ૫૦ વર્ષીય પુરૂષ તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી એક મહિલાનો કેસ મળ્યો છે. મળતી વિગતો પ્રમાણે તાલુકાના પ્રતાપનગર ગામેથી એક ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના આજે ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં નોંધાયેલા કેસોમાંથી ૬૨૮ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે ૨૨૮૭૨ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જેમાં ૨૨૮૦૨ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે જ્યારે ૩૦ લોકો સરકારી ફેસીલીટી સેન્ટરમાં અને ૪૦ લોકો પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરમાં ક્વોરન્ટાઈન હેઠળ છે.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

પતિ સાથે પણ સંબંધો સારા નથી તેવા સંજોગોમાં એક મહિલા તેના બાળકોની કસ્ટડી માટે લડતી હોય તેની સામે ચારિત્ર્ય અંગેના આક્ષેપો કરતા એક સીમા જાળવવી જોઈએ જેથી તેની અસર તેના બાળકોના ઘડતર, ઉછેર, સંસ્કાર ઉપર ના પડે મહિલા વિરૂધ્ધના આક્ષેપો પુરાવા કોર્ટમાં રજુ કરેલ નથી. મહિલા માત્ર તેના પતિ સામે ઝુકે તે માટે તેની ગરીમાને લાંછન લગાડવા માટે જ આક્ષેપો કરેલ હોવાનું જણાઈ આવે છે. તેથી આવા આક્ષેપોથી કોર્ટ વિચલીત ના થતા હાઈકોર્ટે અરજદાર મહિલાની બાળકોની કસ્ટડી માટેની અરજી ગ્રાહ્ય રાખી બાળકોનો કબજો સોંપી પતિના પાયાવિહોણા આક્ષેપોને ફગાવી દીધા છે તથા મહિલાને પતિથી પોલીસ રક્ષણ આપવા પણ જણાવેલ છે. ધર્મ પરિવર્તન કરી લગ્ન કરતા યુવતીઓ માટે ચોકવનારો તથા લાલબત્તી સમાન આ કિસ્સો છે. યુવતીએ પોતે પોતાનું સારૂ નરસુ વિચારવાનું રહે છે. એક નિર્ણયથી પોતાનું જીવન મુશ્કેલી ભર્યું, દોઝખ ભર્યું બનાવી પોતે તથા પોતાના બાળકોના ભવિષ્ય માટે પ્રશ્નાર્થ સર્જે છે. સમાજે આ માટે જાગૃત્ત થવું અતિ જરૂરી છે.

૫ કરોડનો ઘટાડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એસ ટી ડેપોમાં સરકારી ગાઈડ લાઈન મુજબ ૫૦ ટકા મુસાફરો જ બેસાડવામાં આવે છે. જયારે માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગનુ યોગ્ય પાલન થાય તેનો પણ પુરતો ખ્યાલ